# પોરબંદરમાં સરદાર પટેલને ભાવાંજલિ આપવા એકતા રથયાત્રાનો પ્રારંભ

## ચોપાટી નજીક યોજાયેલ સમારોહમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા: જિલ્લાના જુદા-જુદા ગામોમાં એકતા રથ ફરશે

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

પોરબંદરમાં સરદાર પટેલને ભાવાંજલિ આપવા એકતા રથયાત્રાનો પ્રારંભ થયો છે.

ગુજરાતના પનોતાપુત્ર અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને આદરાંજલી આપવા નર્મદા ડેમ સાઈટ પર વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરાયુ છે. આ પ્રતિમાના લોકાર્પણ સંદર્ભે સમગ્ર રાજ્યની સાથે પોરબંદર જીલ્લામાં પણ એકતા રથયાત્રાનું જીલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજન કરાયું છે. પોરબંદર જીલ્લાની એકતા રથયાત્રાને ગુજરાત ગ્રામ્ય ઉદ્યોગ બજાર નિગમ લી. ચેરમેન મેઘજીભાઈ કણઝારીયાએ કનકાઈ માતા મંદિર પોરબંદર ચોપાટીથી સવારે પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા, જીલ્લા કલેકટર મુકેશ પંડયા, જીલ્લા પંચાયત પ્રમુખ નિલેશભાઈ મોરી, પોરબંદર નગરપાલિકા પ્રમુખ અશોકભાઈ ભદ્રેચા, જીલ્લા વિકાસ અધિકારી અજય દહિયા, જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ, અધિક કલેકટર મહેશ જોષી, પ્રાંત અધિકારી કે.વી. બાટી, કુતિયાણા પ્રાંત અધિકારી પ્રજાપતિ, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વિરમભાઈ કારાવદરા ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયાએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે દેશની એકતા અને અખંડિતતાના મહાન શિલ્પી એવા લોખંડી પુરુષ સરદાર



પોરબંદરમાં એકતા રથયાત્રાનું ચોપાટી નજીક કનકાઈ મંદિર પાસેથી પ્રસ્થાન થયું ત્યારે રાજકીય અગ્રણીઓની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો તેની તસ્વીર (તસ્વીર: જિજ્ઞેશ પોપટ) P. 8 આજકાલ. 20.10.18

વલ્લભભાઈ પટેલને ભાવભીની શ્રદ્ધાંજલી આપવા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. સરદાર વલ્લભભાઈ પટેલની આ પ્રતિમાના નિર્માણથી ભારતની દ્રઢતા, ક્ષમતા અને એકતાના વિશ્વને પરિચય થશે કેમ કે સ્ટેચ્યુ ઓફ યુનિટી ૧૮૨ મીટરની ઉંચાઈ ધરાવતી વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા છે.

સરદાર પટેલ સ્મારક પ્રોજેક્ટથી દેશના પ્રવાસન ઉદ્યોગને અદ્ભુત વેગ મળશે અને આ પ્રતિમા નિહાળવા દેશ-વિદેશના દરરોજ ૧૫,૦૦૦ સહેલાણીઓ મુલાકાત લે એવો પ્રાથમિક અંદાજ છે. આ પ્રતિમાના નિર્માણ માટે ૭૦ હજાર ટન સીમેન્ટ, ૧૮,૫૦૦ ટન રીઈન્ફોર્સમેન્ટ સ્ટીલ અને ૬ હજાર ટન સ્ટ્રક્ચર સ્ટીલનો ઉપયોગ થયો છે જેથી આ પ્રતિમા દેશની ભાવિ પેઢી માટે પ્રેરણાનો અનંત સ્રોત બનશે.

તા. ૨૯ ઓકટોબર સુધી યોજનારી એકતાયાત્રામાં પોરબંદર જીલ્લાના ૪ શહેરી વિસ્તારો અને ૮૯ ગામ આવરી લેવામાં આવ્યા છે.

### ગ્રામ્યપંથકમાં આયોજન

પોરબંદર જીલ્લામાં આજથી શરૂ થયેલ એકતા રથયાત્રાના બીજા દિવસે ૧૦ ગામને આવરી લેવાશે. તા. ૨૧ના રોજ ૯:૩૦ કલાકે વડાળાથી પ્રસ્થાન બાદ ૧૦:૩૦ માંડવાડા, ૧૧:૧૫ કેટાણા, ૧૨ કલાકે મજીવાણા અને ૧૨:૪૫ કલાકે સોઢાણા એકતાયાત્રા પહોંચશે. બપોરબાદ ૧૫:૩૦ બેટકડી, ૧૬:૧૫ કલાકે અડવાણા, ૧૭ કલાકે ભોમીયાવદર, ૧૭:૪૫ સીમર અને ૧૮:૩૦ કલાકે એકતાયાત્રા રોજીવાડા પહોંચશે. અહીં જીલ્લાના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતીમાં ખેડૂત સભા સંતવાણી સમાજમાં યોજાશે. બીજા દિવસે એકતાયાત્રાના રૂટ કો.ઓર્ડીનેટર તરીકે શ્રામતભાઈ કુછડીયા આંકડા અધિકારી જવાબદારી સંભાળશે. જયારે ગ્રામજનો દ્વારા એકતાયાત્રાનું સ્વાગત-પૂજન કરશે.